# અક્રમ યુથ

જુલાઈ ૨૦૧૭ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹૧૨

## લક્ષ્મીજી ના કાયદા



Dada's Youth Network



# સંપાદકીય

આપણે વ્યાવહારિક જીવનમાં જોઈએ છીએ કે ઘણા લોકો પાસે અઢળક પૈસા હોય છે, જયારે બીજા કેટલાક એવા પણ લોકો હોય છે, જેઓ પાસે દિવસ-રાતની કાળી મજૂરી પછી પણ પૈસા હોતા નથી. આનું શું કારણ હોઈ શકે? આની પાછળ કયું રહસ્ય હશે? દરેકને પૈસાની જરૂર તો હોય છે જ. છતાં, પૈસા કઈ રીતે આવે છે અને કઈ રીતે જાય છે તેના ઊંડા રહસ્યોને કોઈ, લૌકિક દ્રષ્ટિથી કઈ રીતે સમજી શકે?

લક્ષ્મીની આવક અને જાવક કઈ રીતે થાય છે, અને લૌકિક દુનિયામાં લક્ષ્મીનો વ્યવહાર કઈ રીતે કરવો તેની ચોક્કસ સમજણ અનુભવી જ્ઞાની સિવાય કોણ આપી શકે? આ સમયના મહાન જ્ઞાની પુરુષ દાદાશ્રીનું કહેવું છે કે લક્ષ્મી, આજના જગતનું કેન્દ્ર બની ગઈ છે. તેથી, હંમેશાં લક્ષ્મી પ્રત્યે માન અને વિનમ્રતા રાખવી. કોઈએ ક્યારેય લક્ષ્મીનો તિરસ્કાર ના કરવો. જો તમારે પૈસા-લક્ષ્મીજી(ધનના દેવી)ને પ્રસન્ન કરવા હોય તો તમારે નારાયણ(દરેકની અંદર રહેલા ભગવાન)ને પ્રેમ કરવો પડશે. લક્ષ્મી એ શાશ્વત સત્ય નથી પણ રીલેટીવ સત્ય છે. લક્ષ્મી, બુદ્ધિથી/આવડતથી આવતી નથી; તે વ્યક્તિના પુણ્યકર્મથી આવે છે. લક્ષ્મીની આવક અને જાવક થતી જ રહે છે, અને તેનું સંચાલન કુદરત કરે છે. શુદ્ધ અને નીતિની લક્ષ્મીથી વ્યક્તિનું જીવન શાંતિમય અને આનંદભર્યું થાય છે. માણસે, ખરેખર પોતાના હક્કના પૈસાની જ કમાણી કરવી જોઈએ, તેણે અનીતિ(અણહક્ક) કે અશુદ્ધ પૈસો ગ્રહણ ન કરવો જોઈએ. જયારે તમે શુભ કાર્યોમાં તમારી લક્ષ્મીને વાપરો, ત્યારે તે પુણ્યકર્મ કહેવાય છે.

દાદાશ્રી કહે છે કે જો આપણે આપણા જીવનમાં પૈસો-લક્ષ્મીજી લાવવા હોય તો તેના માટેના કાયદા આપણે પાળવા પડે. જીવનની દરેક વસ્તુઓ વૈજ્ઞાનિક છે અને જો તમે તેના કાયદા તોડો તો, લક્ષ્મીજી ચોક્કસ તમારી અવગણના કરશે. તો, લક્ષ્મીજીના કયા કાયદાઓ છે? ચાલો જોઈએ.....

- ડિમ્પલ મહેતા

**તંત્રી**
ડિમ્પલ મહેતા
વર્ષ: ૫, અંક : ૦૩
સળંગ અંક : ૫૧
જુલાઈ ૨૦૧૭

**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Printed at : Amba Offset**
B-99, K6 Road, Electronics
GIDC, Sector 25,
Gandhinagar - 382044,
Gujarat, India

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

કવર પેજ સાથે કુલ ૨૪ પેજ
**લવાજમ (ગુજરાતી)**
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D/M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન' ના નામે મોકલવો.

# Contents

૦૪ - લક્ષ્મીજી કઈ રીતે મળે ?
૦૬ - દાદાની વૈજ્ઞાનિક દ્રષ્ટીએ
૦૭ - Q & A
૦૮ - લક્ષ્મી નો વ્યવહાર
૧૦ - દાદાશ્રીના પુસ્તકની ઝલક
૧૨ - સ્વચ્છતા લક્ષ્મીજીને ખેંચી લાવે છે
૧૪ - જ્ઞાની વિથ યુથ
૧૬ - અક્રમપીડિયા
૧૯ - દાદા ભગવાન સચિત્ર કથા
૨૦ - થોભો અને વિચારો!
૨૨ - પઝલ ઉકેલો
૨૩ - સમર કેમ્પ ૨૦૧૭

You need to download QR Code Scanner App from Play store or iTunes Store
**Visit : http://youth.dadabhagwan.org/Gallery/Akram-Youth**
Download free ebook / PDF versions of all
Akram Youth issues by scanning this QR code

# લક્ષ્મીજી કઈ રીતે મળે ?

''મામી, તમે મમ્મીને પણ આવી ચમી-ચમી રસોઈ શીખવાડી દેજો.'' નિહાર, જમતાં- જમતાં મામીને કહે છે. નિહાર બે દિવસ પહેલાં જ તેના મમ્મી-પપ્પા સાથે લંડનથી મામા-મામી-નાના-માસા-માસીને મળવા અને દિવાળી મનાવવા આવ્યો છે.


મામીના હાથની સ્વાદિષ્ટ વાનગીઓ, નાનાના લાડ અને મામા સાથે ખરીદી... નિહારને તો મજા પડી ગઈ છે. આવતાંની સાથે આજુબાજુમાં રહેતાં સ્વરાજ, સ્વયમ્ અને નિશાંત સાથે મિત્રતા પણ કરી લીધી છે.

આજે બધાં સ્વરાજનાં ઘરે કેરમ રમવા ભેગા થયાં છે. કેરમ રમતાં-રમતાં તેની નજર દિવાલ પર લગાવેલ એક વસ્તુ પર પડે છે તેને કંઈક અલગ તો લાગે છે પણ તે પાછો રમતમાં પરોવાઈ જાય છે. તે જ દિવસે સાંજે તે મામી સાથે દિવાળી માટેના નાસ્તાની ખરીદી કરવા જાય છે. તે ફરસાણની દુકાનમાં પણ એ જ વસ્તુ જુએ છે. તે મામીને પૂછવા જાય છે પણ મામી કોઈની સાથે ફોનમાં વાતો કરવામાં વ્યસ્ત હોય છે. તે મામીની વાત પૂરી થવાની રાહ જુએ છે પણ ત્યાં જ ડ્રાઈવર આવી જાય છે અને તેઓ ત્યાંથી નીકળી જાય છે.

એ રાત્રે મોડે સુધી તેના મનમાં એ વસ્તુ વિષે જ વિચારો આવતાં રહ્યાં. બીજા દિવસે મામાએ તેને ફટાકડા લેવા સાથે આવવા પૂછ્યું, નિહાર તો ખૂબ ખુશ થઇ ગયો. તે જીવનમાં પહેલીવાર ફટાકડા લેવા જવાનો હતો. તેણે તેના પપ્પાને પણ સાથે આવવા કહ્યું. આમ પણ તેના પપ્પાને, માસાની ઑફિસમાં કામ હતું માટે પહેલાં માસાની ઑફિસે અને ત્યાંથી ફટાકડા લેવા જવાનું નક્કી થયું.

માસાની ઑફિસમાં પ્રવેશતાંની સાથે તેણે





સામેની દિવાલ પર પાછી પેલી વસ્તુ જોઈ. ''મામા, મામા. આ શું છે?'' આખરે તેણે પૂછી જ લીધું. ''બેટા ! એ લક્ષ્મીયંત્ર છે.'' મામાએ કહ્યું, ''લક્ષ્મીયંત્ર ? વોટ્સ ધેટ ?'' તેણે કુતૂહલતાથી પૂછ્યું, ''એ લક્ષ્મીદેવીની કૃપા છે એમ સમજ, આ બંગલો, ગાડી, ઑફિસ બધું આનાથી જ મળ્યું છે.'' મામા કંઈ કહે એ પહેલાં માસાએ કહ્યું. નિહારના મનમાં અનેક વિચારોનું યુદ્ધ શરૂ થઈ ગયું. પણ, ત્યારે તે ચૂપ થઈને એક બાજુમાં બેસી ગયો અને ફટાકડા લઈને બધાં સાથે ઘરે ગયો.

બીજા દિવસે ધનતેરસ આવી ગઈ. સાંજે બધાં તૈયાર થઈને પૂજાના રૂમમાં બેસી ગયા છે. મામા તિજોરીમાંથી લક્ષ્મીયંત્ર, ચાંદીના વિવિધ સિક્કાઓ લઈ આવ્યા અને મામી પૂજાની સામગ્રીઓ લઈ આવ્યા. બધા વારાફરતી યંત્ર અને સિક્કાની પૂજા કરવા લાગ્યા. ''તમે બધા આની પૂજા કેમ કરો છો?'' નિહાર નવાઈ પામતાં પૂછે છે, **''બેટા, આજના શુભદિવસે જો આ યંત્ર અને સિક્કાની પૂજા કરીએ, તો લક્ષ્મીદેવી આપણા ઉપર પ્રસન્ન થાય અને આપણને વૈભવ અને સમૃદ્ધિ આપે.''** મામાએ સમજાવ્યું, ''પણ'' તે આગળ કંઈ બોલે એ પહેલાં પપ્પાએ નિહારને ચૂપ રહેવા ઈશારો કર્યો. પૂજન પછી પપ્પાએ નિહારને પાસે બોલાવીને કહ્યું, ''બોલ નિહાર, શું થયું?'' ''પપ્પા, આપણે તો ક્યારેય આવું પૂજન નથી કર્યું. ત્યાં લંડનમાં મારા ફ્રેન્ડ્સ પણ આવું પૂજન નથી કરતાં કે લક્ષ્મીયંત્ર નથી લગાડતાં તો પણ આપણી પાસે પૈસા છે અને મારા ફ્રેન્ડ પાસે પૈસા છે. એમાં મેથ્યુ અને સુઝાન તો કેટલા પૈસાવાળા છે.

તમને લાગે છે કે એ ખાનગીમાં આ યંત્ર લગાવતા હશે કે પૂજન કરતાં હશે?'' નિહાર આખરે પોતાના મનમાં ચાલતા વિચારોને પપ્પા સામે મૂકે છે. આ સાંભળતાં જ તેના પપ્પા હસી પડે છે. તે કહે છે, ''તું અહીં મારી બાજુમાં બેસ. તને ખબર છે કે આપણા દાદાશ્રી આ બાબતે શું કહે છે?'' ''ના, પપ્પા'' નિહાર બોલ્યો, પપ્પા બોલ્યા, **દાદાશ્રી કહે છે કે...**

# કયા કાયદા પાળવાથી લક્ષ્મીજી મળે ?

**પ્રશ્નકર્તા :** લક્ષ્મીજીના કાયદા શા છે ?

**દાદાશ્રી :** લક્ષ્મીજી ખોટી રીતે લેવાય નહીં એ કાયદો. એ કાયદો જો તોડે પછી લક્ષ્મીજી ક્યાંથી રાજી રહે ? પછી તું લક્ષ્મીજી ધોને ? બધાય ધૂએ છે ! ત્યાં વિલાયતમાં લોકો લક્ષ્મીજીને ધૂએ છે ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા, ત્યાં કોઈ લક્ષ્મીજીને ધોતું નથી.

**દાદાશ્રી :** તોય એ ફોરેનર્સને લક્ષ્મીજી આવે છે કે નહીં ? એમ લક્ષ્મીજી ધોવાથી આવતી હશે ? અહીં હિન્દુસ્તાનમાં દહીંમાંય ધૂએ છે. લક્ષ્મીજીને બધાય ધો ધો કરે છે ને કોઈ કાચા નથી. મનેય લોકો કહેવા આવે કે, 'તમે લક્ષ્મીજી ધોઈ કે નહીં ?' મેં કહ્યું, 'શાના માટે ? આ લક્ષ્મીજી જ્યારે અમને ભેગાં થાય છે ત્યારે અમે તેમને કહી દઈએ છીએ કે વડોદરે મામાની પોળ ને છઠ્ઠું ઘર, જ્યારે અનુકૂળ આવે ત્યારે પધારજો અને જ્યારે જવું હોય ત્યારે જજો. તમારું જ ઘર છે, પધારજો. એટલું અમે કહીએ. અમે વિનય ના ચૂકીએ. એમ એવું ત્યાં આગળ ના કહીએ કે 'અમારે એની જરૂર નથી.' તમેય ઘેર રાત્રે જઈને બોલજો કે **'હે લક્ષ્મીજી દેવી, તમને જ્યારે અનુકૂળ હોય ત્યારે મારે ઘેર આવજો અને જ્યારે અનુકૂળ હોય ત્યારે જજો. પણ આ ઘેર આવજો. તમે ધ્યાન રાખજો'**, એવું કહેવાયને ?






**પ્રશ્નકર્તા :** બ્રહ્માંડના કયા કાયદા છે?

**આપ્તપુત્ર :** બ્રહ્માંડના ઘણા કાયદાઓ છે. દાદાશ્રીએ વ્યવહાર અને નિશ્ચય માટેના કાયદાઓ આપેલા છે. આ દુનિયામાં બધું કાયદેસર જ ચાલે છે. આ દુનિયા કંઈ અવ્યવસ્થિત નથી. તે એક્ઝેટ છે.

**પ્રશ્નકર્તા :** પણ, જો હું આ કાયદાઓ ના પાળું તો શું થઇ જાય?

**આપ્તપુત્ર :** એકવાર એક માણસે એક વૈજ્ઞાનિકને પડકાર આપ્યો કે હું ગુરુત્વાકર્ષણને નથી માનતો. ગુરુત્વાકર્ષણ જેવું કંઈ છે જ નહિ. વૈજ્ઞાનિક, આવી દલીલથી ચકિત થઇ ગયો. વૈજ્ઞાનિકે પેલા ભાઈને મકાનની અગાસી પર જઈ અને અગાસીની બહાર સીધા ચાલવાનું કહ્યું. શું થયું હશે? શું પેલા ભાઈ હવામાં તરશે કે પડી જશે? એ ભાઈ ગુરુત્વાકર્ષણમાં માને કે ના માને, ગુરુત્વાકર્ષણ એનું કામ તો કરશે જ. એ ચોક્કસ પડી જશે. આ જ રીતે આ બધા દુનિયાના કાયદા છે. તમે એને માનો કે ના માનો, તમારું જીવન એ કાયદાઓ પ્રમાણે જ ચાલશે.

દાખલા તરીકે લક્ષ્મીજીનો કાયદો છે કે...રોકડ લક્ષ્મી દરેક ૧૧ વર્ષે બદલાય છે. એટલે ૧૧ વર્ષમાં કોઈ નવી લક્ષ્મી આવવાની નથી, અરે! કોઈ કરોડપતિ પણ ભિખારી થઇ શકે!

આ જ કાયદો છે. તમે માનો કે ના માનો એ સાચો પડીને જ રહેશે. જો લોકો પૈસાને વાપર્યા વગર, જમા જ કર્યા કરશે તો બધા જ પૈસા નકામા જશે. આપણે ૫૦૦-૧૦૦૦ ની 'નોટબંધી' નો તાજો જ દાખલો જોયો. જેમાં લક્ષ્મીજી, અમુક વર્ષે મોટા પ્રમાણમાં 'ઘર બદલે છે', તે આપણે સ્પષ્ટ રીતે જોયું.

આ કાયદાઓમાં માનવાથી અને તેને સમજી લેવાથી, તમે તમારા સંસારને વધારે સારી રીતે અને યોગ્ય રીતે ચલાવી શકશો. તેમના તમામ પુસ્તકોમાં દાદાશ્રી, આ કાયદાઓ વિષે બોલ્યા છે.



# લક્ષ્મી નો વ્યવહાર

પહેલાં તો જ્યાં જ્યાં લક્ષ્મીની બહુ જ ઈચ્છા કરી હોય એના પ્રતિક્રમણ કરવા જોઈએ. આ મેં કહ્યું, ''એ મારી ભૂલ છે. મારાથી આવું ન કરાય એવો ખેદ રહેવો જોઈએ.'' લક્ષ્મીજી તો બહુ સ્માર્ટ છે, એ તો ભગવાનના પત્ની કહેવાય, કોકની પત્નીની પાછળ પડાય ?

આ બધા શેઠિયાઓ લક્ષ્મીજીની પાછળ પડે છે તો લક્ષ્મીજી પણ સામે આંખ મારે અને આગળ હેંડે (દોડે) એટલે પેલો રાજી થાય કે લક્ષ્મીજી મને બોલાવે છે એટલે તે પણ લક્ષ્મીજીની પાછળ દોડે. જેવો દોડે, એટલે લક્ષ્મીજી એવા આગળ દોડે કે પેલો મૂઓ પડી જાય. અને ઢીચણ(ઘૂંટણ) ઘસતો ઘસતો ઊભો થાય કે લક્ષ્મીજી પાછી આંખ મારે..... આવો ખેલ છે.

એના કરતાં મેલને, લક્ષ્મીજીને કહેવાનું કે, તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, હું તો મારું જે છે તે જ કરીશ તમારે આવવું હોય તો આવો.

લક્ષ્મી એટલે નારાયણના પત્ની, પત્ની ને ના પકડાય. નારાયણને પકડો ને એટલે ઓટોમેટિક એમની પત્ની એમની પાછળ આવશે.



# દાદાશ્રીના પુસ્તકની ઝલક

### ચિંતા ત્યાં લક્ષ્મી ટકે ?

**પ્રશ્નકર્તા :** એવું જો હોય તો તો પછી લોકો કમાવા જ ના જાય, ને ચિંતા જ ના કરે.

**દાદાશ્રી :** નહીં, કમાવા જાય છે એ ય એમના હાથમાં જ નથી ને ! એ ભમરડા છે. આ બધા નેચરના ફેરવ્યા ફરે છે, અને મોઢે અહંકાર કરે છે, કે હું કમાવા ગયેલો. અને આ વગર કામની ચિંતા કરે છે. પાછું એ ય દેખાદેખીથી કે ફલાણાભાઈ તો જુઓને, છોડી પૈણાવવાની કેટલી બધી ચિંતા રાખે છે ને હું ચિંતા નથી રાખતો. તે ચિંતામાં ને ચિંતામાં પછી તડબૂચા જેવા થઈ જાય, અને છોડી પૈણાવવાની હોય ત્યારે ચાર આનાય હાથમાં ના હોય. ચિંતાવાળો રૂપિયા લાવે ક્યાંથી ? લક્ષ્મીજીનો સ્વભાવ કેવો છે ? જે આનંદી હોય એને ત્યાં લક્ષ્મીજી મુકામ કરે. બાકી ચિંતાવાળાને ત્યાં મુકામ કરે નહીં. જે આનંદી હોય, જે ભગવાનને યાદ કરતા હોય એને ત્યાં લક્ષ્મીજી જાય.

### જ્ઞાની વાળે પોઝિટિવ પંથે

હું તો પોઝિટિવ કરવા માગું છું. નેગેટિવ સેન્સ જ લાવવા નથી માંગતો. જો એ સારો હોયને, તો એને સારામાં પુષ્ટિ આપી દઉં. એટલે સારું એટલું બધું પ્રકાશમાન થાય, એટલી બધી જગ્યા રોકતું જાય કે નેગેટિવ જ ઊડી જાય. આ જગતને નેગેટિવે જ અત્યાર સુધી અથાડ અથાડ કરેલું ! લક્ષ્મી આવ્યા પછી સુખ ના હોય, મહીં બળાપો થતો હોય તો એ બધું પાપાનુબંધી પુણ્યૈની લક્ષ્મી છે. નહીં, તો સાચી લક્ષ્મી ક્લેશ ના થવા દે ! એટલે લક્ષ્મીના તો એવા સુંદર ગુણો છે !


### લક્ષ્મી પધારે, નોબલને ત્યાં !

શ્રીમંતાઈ શું કર્યું હોય તો આવે ? કેટલી બધી લોકોને માટે હેલ્પ કરી હોય ત્યારે લક્ષ્મી આપણે ત્યાં આવે ! નહિ તો લક્ષ્મી આવે નહીં. લક્ષ્મી તો આપવાની ઇચ્છાવાળાને ત્યાં જ આવે. જે ઘસાઈ છૂટે છે, છેતરાય, નોબિલિટી વાપરે, એને લક્ષ્મી આવે. જતી રહેલી આમ લાગે ખરી, પણ આવીને પછી ત્યાં જ ઊભી રહે.

**પ્રશ્નકર્તા :** આપે લખ્યું છે કે જે કમાય છે તે મોટા મનવાળો જ કમાય છે. આપવા-લેવામાં જે મોટું મન રાખે એ જ કમાણી કરે છે, બાકી સાંકડા મનવાળો કમાતો જ નથી કોઈ દહાડો !

Visit : [https://goo.gl/smhou7](https://goo.gl/smhou7)

Download free ebook
version of above Book
by scanning this QR code




**દાદાશ્રી :** બધા અરધા ચંપલવાળા થઈને ફર્યા કરે છે ને ! મેં ભૂલેશ્વરમાં બહુ જોયેલા. માપેલા બધાને !

બધી રીતે નોબલ હોય, તો લક્ષ્મી ત્યાં જાય. આ પાજી પાસે લક્ષ્મી જતી હશે ?!

**પ્રશ્નકર્તા :** એટલે પુણ્યને લીધે માણસ ધનવાન બને ?

**દાદાશ્રી :** ધનવાન થવા તો પુણ્યૈ જોઈએ. પુણ્યૈ હોય તો પૈસા આવે.

**પ્રશ્નકર્તા :** પૈસા માટે તો લખ્યું છે ને કે બુદ્ધિની જરૂર પડે.

**દાદાશ્રી :** ના. બુદ્ધિ તો નફો-તોટો બે જ દેખાડે. જ્યાં જાવ ત્યાં નફો-તોટો એ દેખાડી દે. એ કંઈ પૈસા-બૈસા આપતી નથી. બુદ્ધિ જો પૈસા આપતી હોય ને તો આ ભૂલેશ્વરમાં એટલા બધા બુદ્ધિશાળી મહેતાજી હોય છે. શેઠને સમજણ પડતી નથી એ બધું એને સમજણ પડે છે. પણ ચંપલ બિચારાનાં અરધાં હોય, પાછળ અરધાં ઘસાઈ ગયેલાં હોય અને શેઠ તો સાડી ત્રણસો રૂપિયાના બૂટ પહેરીને ફરતા હોય, છતાં ડફોળ હોય !

પૈસા કમાવવા માટે પુણ્યની જરૂર છે. બુદ્ધિથી તો ઊલટાં પાપો બંધાય. બુદ્ધિથી પૈસા કમાવા જાવ તો પાપ બંધાય. મારે બુદ્ધિ નહીં એટલે પાપ બંધાય નહીં. અમારામાં બુદ્ધિ એક સેન્ટ પરસેન્ટ નહિ !



# સ્વચ્છતા લક્ષ્મીજીને ખેંચી લાવે છે

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर







આપણને હંમેશાં એવું કેમ શીખવવામાં આવે છે કે ભગવાન પછી જો કોઈ હોય તો તે સ્વચ્છતા છે? જો તમારું કે બીજા કોઈનું ઘર જો સ્વચ્છ ન હોય તો તમને ત્યાં જવાનું ગમશે કે તમને ત્યાં આરામદાયક લાગશે? શું તમને એવી જગ્યાએ જવાનું ગમશે જ્યાં બધા લોકો ઝગડતા હોય? શું તમને એવી વ્યક્તિ કે જે જીવનની દરેક બાબત માટે નકારાત્મક હોય, તેની સાથે રહેવું કે તેની સાથે સમય વ્યતીત કરવાનું ગમશે?

આનો સ્વાભાવિક જવાબ 'ના' છે; જેનાથી આપણને જણાય છે કે જયારે આપણને ખુદને આવી જગ્યાઓ અને આવા લોકો નથી ગમતા તો લક્ષ્મીજી, એવા દેવી કે જે સ્વર્ગ જેવા સુંદર સ્થળે વસે છે, જ્યાં દરેક વસ્તુ શાંતિમય, પવિત્ર અને શુદ્ધ છે, એ શા માટે આવા મલિન સ્થળે આવે જ્યાં ઝઘડાખોર અને નિરાશાવાદી લોકો વસતા હોય.

માટે કદાચ લક્ષ્મીજીને આપણે ત્યાં આકર્ષવા માટેનો સૌથી સરળ માર્ગ એ છે કે, આપણા ઘર કે કામની જગ્યા એ સ્વચ્છતા વધારવી. ઘણી વ્યક્તિઓ અને ધંધાદારીઓએ આનો અમલ કર્યો અને તેમને ત્યાં ચારે બાજુથી ધનની વર્ષા થઇ, અને બિલકુલ અજાણી જગ્યાએથી ધનલાભ થયો!.

**માત્ર આપણી આસપાસની ચોખ્ખાઈથી જ પૈસા મળી જાય છે, તેવું નહિ પણ સાથે સાથે આપણા મન, વચન અને કાયાની શુદ્ધતાથી જ લક્ષ્મીજી ખેંચાઈ આવે છે.**

# જ્ઞાની વિથ યુથ



*ઈચ્છા કરવાથી તો અંતરાય પડે છે.*
*નિરીચ્છક થાય તો લક્ષ્મી એની મેળે ઊભરાયા કરશે.*

**પ્રશ્નકર્તાઃ** લક્ષ્મીની હૂંફ બહુ લાગે છે. વિચારું છું કે આ લક્ષ્મી નહીં હોય તો કેમ રહીશ? એટલામાં તો તાવ ચઢી જાય છે. તો રૂપકમાં આવે તો શું થાય?

**પૂજ્યશ્રીઃ** એટલે આપણે જાગૃતિ રાખો. એટેક આવ્યો હોય અને લક્ષ્મીના ઢગલા હોય તો એટેક મટાડી આપે?

**પ્રશ્નકર્તાઃ** ના, એ તો ના મટાડી આપે.

**પૂજ્યશ્રીઃ** કોઈ દુઃખાવો અશાતા ઉત્પન્ન કરે, એ કંઈ લક્ષ્મી મટાડતી નથી. એટલે આમાં ટૂંકી વાત એ છે કે પુણ્યનો ઉદય હોય તો જ લક્ષ્મી આવશે અને કોઈ પણ પ્રકારના દુઃખો નહીં હોય. પુણ્ય પરવારશે તો લક્ષ્મી જતી રહે અને બધાં દુઃખો આવશે. લક્ષ્મીથી સુખ નથી, આપણા પુણ્યથી સુખ છે. અને આપણા પાપ કર્મથી બધાં દુઃખો છે. બાકી પુણ્યનો ઉદય હોય તો લક્ષ્મી ના પણ હોય છતાંય સંતોષી સદા સુખી હોય. ઓછી લક્ષ્મી હોય પણ તબિયત સારી હોય, વાઈફ સારી હોય, છોકરા સારા હોય, ખાવા-પીવાનું ચાલ્યા કરતું હોય, તો ઓછી લક્ષ્મીમાં પણ એ સંતોષી અને સુખી હોય. બને કે ના બને?

**પ્રશ્નકર્તાઃ** હા, એવું બને.

**પૂજ્યશ્રીઃ** આપણે એવું ગોઠવવાનું કે લક્ષ્મીજીના આધારે આપણે નથી, ખરેખર, આત્માને આધારે આપણે છીએ. આ વિનાશી અવલંબન લઈએ છીએ, અને એ અવલંબન પાછું કો'ક દહાડો જતું રહેશે. માટે પોતાનું જે કાયમનું સ્થિર અવલંબન છે, સ્વરૂપનું અવલંબન છે એ પકડો. આ પુણ્ય છે તો લક્ષ્મી આવે છે. પુણ્ય પરવારશે તો લક્ષ્મી જતી રહેશે. આપણે એના આધારે જીવવું નથી, આત્માના આધારે જીવવું છે. આ લક્ષ્મી જતી રહેશે તો પણ આપણી પાસે જ્ઞાન તો છે, એ જ્ઞાનથી જીવી જઈશું અને લક્ષ્મીજીનો નિયમ કેવો છે કે **''જેનો કલેશ ખલાસ થયો છે, જેને કોઈ ઈચ્છા જ નથી, જે લક્ષ્મીના વિચાર કરતો જ નથી એને ત્યાં લક્ષ્મી ઊભરાય છે.''**

ઈચ્છા કરવાથી તો અંતરાય પડે છે. નિરીચ્છક થાય તો લક્ષ્મી એની મેળે ઊભરાયા કરશે. લક્ષ્મીજીથી જે સુખ શાંતિ, સગવડતા, સંપત્તિ અથવા તો બધી જરૂરિયાત પૂરી થાય છે, એ બધીજ જરૂરિયાતો નિરીચ્છક દશા વાળાને વગર લક્ષ્મીએ પૂરી થાય.

આપણે ત્યાં બાબલુ જન્મે છે એને લક્ષ્મી હોય તો એ બિચારું કંઈ અડકે એને?

**પ્રશ્નકર્તાઃ** ના એને જરૂર નથી.

**પૂજ્યશ્રીઃ** ના. એ વિચારતો જ નથી એને ખાવા-પીવા બધું મળે એને નાવા-ધોવા, કપડાં બધું સરસ મળ્યા જ કરે. એ પુણ્ય એને આપે છે. લક્ષ્મી બાપા પાસે હોય નહીં, બાપા સાચવતા હોય, પૈસા ના હોય તો પણ બાબલાને બધું મળ્યા કરે. એટલે આ ધીમે ધીમે ઓળખો. લક્ષ્મી શું છે, કયા આધારે આવે છે, કયા આધારે વપરાય છે, કયા આધારે જતી રહે છે અને લક્ષ્મી પધારવાના કાયદા કયા? આપો એટલું આવે. જેટલું સાચવશો એટલું ખોશો, એ કાયદો છે. ભલે દસમાંથી એક આપો, આપ્યું ને એટલે તમારા આવવાની જગ્યા ખુલ્લી કરી.

AKRAMPEDIA

નામ : આયુષ મહેતા
ઉંમર : ૧૮

આ વાર્તા મારી એક એવી સખીની છે જેના જીવનને મેં ખૂબ ઝીણવટપૂર્વક જોયું છે. એવી સખી, જે પગથી માથા સુધી દેવાના દરિયામાં ડૂબેલી છે.

કોને પોતાના સપના નથી હોતાં? મારી સખીને પણ હતાં. મેં શબ્દ વાપર્યો કે 'હતાં', કારણકે આજે તેના એ સપના, દુઃસ્વપ્નોમાં બદલાઈ ગયા છે, હજી તો તે તેના જીવનમાં માંડ સ્થિર થઈ હતી ત્યાં તો, હવે તે લગભગ હતાશામાં ગરકાવ થઇ ગઈ છે. આ બધાની શરૂઆત તેના વેલ્સ, ઈંગ્લેંડમાં અભ્યાસ કરવા જવાના સ્વપ્નથી થઇ. મધ્યમવર્ગની હોવાથી, પોતાના સ્વપ્નને પૂરું કરવા તેણે જાતે જ પૈસાની સગવડ કરવી પડે તેમ હતી. પછી તેને, વિદ્યાર્થીઓને મળતી લોન વિષે ખબર પડી, તેનાથી તેના સ્વપ્નને વધુ વેગ મળ્યો, અને જયારે તેને આ લોન, તેના સારા દેખાવના કારણે મળી ગઈ, ત્યારે તેની ખુશીનો કોઈ પાર ન રહ્યો. પરંતુ મિત્રો, મારે એ કહેવાની જરૂર નથી કે આવી લોન મેળવ્યા પછી તેને નિશ્ચિત સમય-સીમામાં ચૂકવી દેવાની એક જવાબદારી હોય છે, જયારે તમારી કોઈ પ્રકારની આવક પણ હોતી નથી.

પૈસા મેળવ્યા પછી, તેણે તેનો સામાન બાંધ્યો અને ઇંગ્લેન્ડ જવા ઊપડી ગઈ, પોતાના કોર્સ માટેની ફી ભરી. અને પોતાને નવા અભ્યાસની ભેટ આપી. પણ, આ બધા દરમિયાન તેને શોપીંગનો એક નવો શોખ જાગ્યો, આ શોખ બહુ ભારે પડતો હોય છે, ખાસ કરીને એક એવી છોકરીને, જે પોતાનો મહત્વનો ખર્ચો જ માંડ કાઢી શકે છે. આ નવા શોખને પોષવા માટેનો તેને એક ઉપાય જડી ગયો, તેને ખબર નહતી કે આ નવો ઉપાય તેના માટે ઝેર સમાન થઇ જશે. તેને એક ક્રેડિટકાર્ડ મળી ગયું, અને કહેવાની જરૂર નથી, આનાથી જ બધી ખાના ખરાબી થઇ. ક્રેડિટકાર્ડથી ખરીદી કરવી એ દેવાદાર થવાનો સૌથી સહેલો રસ્તો છે. ખાસ કરીને જયારે તેનું વ્યાજ ભરવાનું થાય. આ પરિસ્થિતિ કદાચ જીવનના અંત સુધી પણ લંબાઈ શકે છે. આપણી આ સખી સંજોગવશાત્, આ જ પરિસ્થિતિની શિકાર બની. કોઈ જ રસ્તો ન સૂઝતાં, તેણે થોડા પૈસાની મદદ માટે મારો સંપર્ક કર્યો, તેણે જયારે કહ્યું કે તેને ૭૫ લાખનું દેવું થઈ ગયું છે, તે સંભાળતાં હું લગભગ બેભાન જ થઈ ગયો. વૈભવશાળી જીવનશૈલી ભોગવવા જતાં તેની બહુ ભારે કિંમત ચૂકવવી પડતી હોય છે. એક વિદ્યાર્થી તરીકે હું, તેની એકાદ લાખથી વધારે શું મદદ કરી શકું? મારે મારા ખર્ચ પણ જોવા પડતા હોય છે. તેના માટે ૧ લાખ પણ મહત્વના હતા, તેથી તેણે તે ૧ લાખ રૂપિયા લઈ લેવાનું નક્કી કર્યું. મેં, જેમ બને તેમ જલદી તે પૈસા પરત મળશે તેવી આશા સાથે તેને તે પૈસા આપ્યા. સમય વીતતો ગયો, તેના તરફથી મને કંઈ સાંભળવા ના મળ્યું. હું એ જાણવા આતુર હતો કે તેણે તેનું દેવું ચૂકવી દીધું હતું કે નહિ, થોડા આઘાત અને હતાશાથી

મેં તેને કોલ કર્યો, સામે છેડે મને, તેનો તૂટક અવાજ સંભળાયો, અમે થોડી વાતો કરી અને પછી તેણે મને કહ્યું કે પૈસાની ચૂકવણી માટે તેને કેટલો સંઘર્ષ કરવો પડે છે. તેના માથે દેવાનો ડુંગર થઇ ગયો હતો. તેની મોટાભાગની આવક દેવું ચૂકવવામાં જ ખર્ચાઈ જતી. એટલું જ નહિ, તે તેનું જૂનું દેવું પૂરું કરી શકતી ન હતી, ત્યાં નવા મહિને તે નવા દેવાના ચક્કરમાં ફસાઈ જતી. આનાથી તેની શાખ (આબરૂ) પણ બગડી હતી.

જયારે કોઈને કંઈ પ્રાપ્ત થાય ત્યારે તે ખૂબ ખુશ થઇ જાય છે, પણ, જયારે તેની ચૂકવણીનો વખત આવે છે ત્યારે માણસને પરસેવો છૂટી જતો હોય છે. મને તેના અવાજ પરથી સમજાઈ ગયું કે તે



હતાશામાં છે, જે હજી એક યોધ્ધાની જેમ લડી રહી છે, મને ખબર છે કે તેને ફરી પાછા પોતાના પગ પર ઊભા થવું છે. આના પર વિશ્લેષણ કરવા, મેં તેને કૉફી પીવા આમંત્રી. અડાલજમાં આપ્તપુત્રી બેનને ફોન કરી આખી દુ:ખદ ઘટના જણાવી, આખી વાત સાંભળી, થોડીવાર પછી તેઓ મારી પાસે આવ્યા અને દાદા ભગવાને લખેલો નીચેનો ફકરો વાંચી સંભળાવ્યો :


.....તો દેવું ચૂકવાય

અને તો ય **નિયમ એવો છે કે પૈસા લેતાંની સાથે જ નક્કી કર્યું હોય કે આના પૈસા મારે પાછા આપવા છે,** એવું નક્કી કરીને લેવાય. ત્યાર પછી ચાર ચાર દહાડે એનો ઉપયોગ દેવો પડે કે આ પૈસા વહેલામાં વહેલી તકે પાછા અપાય એવી ભાવના કરે પાછી. અને તે ભાવના હોય તો રૂપિયા અપાય, નહીં તો રામ તારી માયા.


રૂપિયા-બુપિયા અપાય નહીં. આ તો બધાં જે દેવાં કરે છે ને તેના તો જે ઉઘરાણીએ આવ્યો હોય તે રૂપિયા લઈ જાય. તે વખતે પાછો બીજા પાસેથી લઈ આવે. આ એકના દસ હજાર લે છે, બીજાને પાંચ હજાર આપી દે છે. પાછા બીજાના લે છે ને બીજાના આપી દે છે. એમ તેમ કરીને ચક્કર, ચક્કર ચલાવે છે. છેવટે પોક મેલે છે.




# દાદા ભગવાન
# સચિત્ર કથા





વૃક્ષની વિશાળતા એના બીજમાં જ સમાયેલી હોય છે. દાદા પોતાની આજુબાજુમાં કેવા બીજ વેરતા હતા?





રોજબરોજ બનતી ઘટના પરથી ઊભરે ડહાપણ. દાદા જીવનની તમામ પરિસ્થિતિમાં કેવી રીતે વર્તતા હતા?




સાધારણ પણ દેખીતા પ્રશ્નો... જુવાન અંબાલાલે આ બધા પ્રશ્નોના જવાબ કઈ રીતે શોધ્યા?




જ્ઞાનીઓ સાધારણ મનુષ્યોથી કઈ રીતે ભિન્ન હોય છે? એવું શું છે જે તેમને વિશેષ બનાવે છે? તેમના રોજિંદા જીવનમાં બનેલી ઘટનાઓ વાંચો.




બની રહી છે એક અનુપમ વ્યક્તિ. દાદાના બાળપણના સંસ્મરણો.

**આ પુસ્તકો તમે**

**Store.dadabhagwan.org**

**પરથી મેળવી શકો છો.**



# થોભો અને વિચારો!

**ચાલો, એક નાની કસોટી કરીએ જેનાથી ખ્યાલ આવે કે આપણે ક્યાં ઊભા છીએ : દરેક વાક્યને ચકાસીએ, કે આવું આપણે કર્યું છે કે હજી પણ કરી રહ્યા છીએ?:**

૧. માતા-પિતાના પૈસાની અગત્ય સમજ્યા ના હોઈએ અને ખોટા મનોરંજન કે ખોટી મોજમઝામાં તે પૈસા વેડફી નાખ્યા હોય.

૨. ખોટા કારણો માટે પૈસાની લાલચભરી તૃષ્ણા હોય.

૩. અનાવશ્યક કારણો કે બિનજરૂરી ઈચ્છાઓ પૂરી કરવા, મિત્રો કે સગાવહાલાઓ પાસેથી કેટલીક લોન લીધી હોય.

૪. ઘર કે કામની જગ્યાએ સ્વચ્છતા જાળવી ન હોય.

૫. માતા-પિતા કે ભાઈ-બહેનો સાથે સતત ક્લેશ કરી, ઘરમાં અશુદ્ધ અને કંકાસભર્યું વાતાવરણ ઊભું કર્યું હોય.

૬. મન-વચન કે કાયાથી ચોરી કરી હોય. (માતા-પિતા કે મિત્રો વગેરે પાસેથી કંઈ પણ ચોરી લેવાનું વિચારવું કે મનથી ચોરી લેવાની દાનત રાખવી)

૭. મન-વચન કે કાયાની પ્યોરીટી(શુધ્ધતા) ન રાખી હોય. (મન- નકારાત્મક વિચારવું; વચન- શબ્દોનો દુરુપયોગ કરવો, ગાળો દેવી કે કોઈનું અપમાન કરી દેવું; કાયા- મારા-મારી પર આવી જવું)

**જુઓ, આપણે સહુ જાણીએ છીએ કે આપણે લક્ષ્મીજીના નિયમો કેટલી નિષ્ઠાપૂર્વક પાળીએ છીએ કે નહિ.**

# નવેસરથી શરૂઆત!

આપણે સહુ જાણીએ જ છીએ કે આપણે ક્યાં ઊભા છીએ, આપણે સમજવું જોઈએ કે જ્યાં જ્યાં આપણે લક્ષ્મીજીના કાયદાઓનું ઉલ્લંઘન કર્યું છે, ત્યાં કયા પગલા ભરવા. આપણે નવેસરથી શરૂઆત તો જ કરી શકીશું જો આપણે નીચે દર્શાવેલ વાક્યોનું પાલન કરીશું.

1

૧. માતા-પિતાની કઠોર મહેનતના પૈસા ખોટી મોજ-મઝામાં વાપરી નાખવાની જે ભૂલો કરી હોય તેના પ્રતિક્રમણ કરવા, અને તમારા માતા-પિતાને અને પોતાને પણ વચન આપો કે, આવી ભૂલ ફરી નહીં કરો.

2

૨. ભગવાને દેખાડેલા માર્ગે ચાલો. તમે જયારે ભગવાનના પરમ ભક્ત થશો ત્યારે પૈસો પણ તમારી પાછળ આવશે.

3

૩. તમારા બધા લેણદારો માટે સારું વિચારો અને ભગવાનને પ્રાર્થના કરો કે તમે વહેલામાં વહેલી તકે તેમને, તેમના પૈસા ચૂકવી શકો, અને ત્યાં સુધી, તેમની સારી શારીરિક અને સારી આર્થિક સ્થિતિ માટેની ભાવના રાખો.

4

૪. તમારા ઘરે અને કામની જગ્યાએ સ્વચ્છતા જાળવો.

5

૫. તમારી ભૂલોનો બચાવ ન કરતાં, ઘરમાં કલેશ-કંકાસ ટાળો અને ઘરમાં પવિત્ર વાતાવરણ જાળવો.

6

૬. ગમે તેવી કપરી આર્થિક સંકડામણમાં પણ મન-વચન કે કાયાથી ચોરી તો નથી જ કરવી, તેવો દ્રઢ નિશ્ચય કરવો અને આ નિશ્ચયનું અન્ત:કરણથી પાલન કરવું.

7

૭. મન, વચન અને કાયાની પ્યોરીટી(શુધ્ધતા) રાખવી.

**જયારે આ વાક્યોનું પાલન થશે, ત્યારે નવેસરથી શરૂઆત થશે. નહીં તો, અગાઉ લક્ષ્મીજીના કાયદાઓનું જે ઉલ્લંઘન કરેલું, તે ભૂંસાશે નહિ.**

# પઝલ ઉકેલો

૧. કુલ આઠ ગોળીઓ છે. તેમના કદ અને રંગ એક સરખા જ છે. એક ગોળીનું વજન બીજી બધી ગોળીઓ કરતાં સહેજ વધારે છે અને તે ઝેરી છે. તમારી પાસે વજન કાંટો છે જેનો તમે માત્ર બે જ વાર ઉપયોગ કરી શકો છો.

તો, તમે ઝેરી ગોળીને કઈ રીતે શોધી કાઢશો?

સંકેત ( હિન્ટ ) : પહેલાં, કોઈ પણ છ ગોળીઓ લઇ તેમને ત્રણ-ત્રણ ના ગ્રુપમાં વહેંચી નાખો.

૨. અરુણે ટેનિસ બૉલને ટૂંકા અંતરે એવી રીતે ઉછાળ્યો કે તે પૂરેપૂરો રોકાઈ ગયો અને પછી તેની જાતે જ પાછો ફર્યો. તેને કોઈ વસ્તુ સાથે બૉલને અથડાવ્યો હતો કે તેને કોઈ વસ્તુથી બાંધ્યો હતો. તો તે, આવું કઈ યુક્તિથી કરી શક્યો?

3. એક ટ્રેન મુંબઈથી કલાકના ૮૫કિ.મી.ની ઝડપે અમદાવાદ આવવા નીકળે છે. બે કલાક પછી, એક ટ્રેન અમદાવાદથી મુંબઈ તરફ કલાકના ૧૦૦કિમીની ઝડપે નીકળે છે. ધારોકે, મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૫૦૦કિમીનું અંતર છે.

તે બંને ટ્રેન ક્યાં મળશે? કઈ ટ્રેન મુંબઈથી નજીક હશે?

સંકેત ( હિન્ટ ) : 'કોનું વજન વધારે હશે : પાંચ કિલો પીંછાનું કે પાંચ કિલો સોનાનું?' નો જેવો જવાબ હશે તેવો જ જવાબ આનો પણ થશે.

**૧ - જવાબ :** પહેલાં, કોઈ પણ છ ગોળીઓ લઇ તેમને ત્રણ-ત્રણ ના ગ્રુપમાં વહેંચી નાખો. દરેક ગ્રુપને વજનકાંટાની બંને બાજુએ મૂકો. બે શક્યતાઓ રહેશે :

- જો વજનકાંટો સંતુલિત રહે તો, બાકી રહેલી બેમાંની એક, ભારે ગોળી હોવી જોઈએ.

- જો વજન કાંટો સંતુલિત ન થાય તો બે માંથી એક ગ્રુપ વધારે ભારે છે, હવે ભારે ગ્રુપમાંની કોઈ પણ બે ગોળી લઇ તેમને વજન કાંટા પર તોલો, જો એક ગોળી બીજા કરતાં ભારે હોય તો ઝેરી ગોળી મળી જશે. જો બંનેનું વજન સરખું થાય, તો ત્રીજી ગોળી ( જે ગોળીનું તમે બીજી વાર વજન નથી કર્યું ) એ ઝેરી ગોળી છે.

**૨ - જવાબ :** તેણે બૉલને હવામાં સીધો જ ઉછાળ્યો હતો.

**3- જવાબ :** મુંબઈ અને અમદાવાદની બંને ટ્રેન જયારે મળશે ત્યારે મુંબઈથી એક સરખા જ અંતરે હશે.

# સમર કેમ્પ ૨૦૧૭

**૧૦ શહેરોમાં યોજાયો સમર કેમ્પ, જેમાં ૯૩૦ જેટલા ૧૩-૨૧ વર્ષના યુવાન બહેનોએ લીધો હતો ભાગ.... જેની વધુ ઝલક નિહાળો : Youth.dadabhagwan.org પર**

| સેન્ટર | સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૫૬ |
| ભરૂચ | ૮૯ |
| ગાંધીધામ | ૩૫ |
| મુંબઈ | ૫૫ |
| રાજકોટ | ૫૮ |
| સીમંધર સીટી | ૩૪૦ |
| સુરત | ૫૪ |
| સુરેન્દ્રનગર | ૨૮ |
| વડોદરા | ૪૫ |
| આણંદ | ૧૭૦ |











જુલાઈ ૨૦૧૭
વર્ષ: ૫, અંક : ૦૩
સળંગ અંક : ૫૧

# અક્રમ યુથ

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No. CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month

## લક્ષ્મી લિમિટેડ છે

## અને લોકોની માગણી

# અનલિમિટેડ છે !

-દાદાશ્રી



Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, K6 Road, Electronics GIDC, Sector 25, Gandhinagar - 382044, Gujarat, India

Dada's Youth Network